# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-02-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. રાજ્યમાં SIRની આખરી મતદાર યાદી જાહેર- કુલ ચાર કરોડ 40 લાખથી વધુ મતદાર નોંધાયા
2. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય રાષ્ટ્રીય સંમેલન “મંથન” યોજાયું - 250 કરોડ રૂપિયાથી વધુની સહકારી પરિયોજનાનું ઉદ્ઘાટન અને ખાતમૂહુર્ત
3. વિધાનસભામાં ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો)(સુધારા) ખરડો સર્વાનુમતે પસાર
4. પોરબંદરના દરિયાકાંઠેથી 203 કિલોગ્રામ શંકાસ્પદ માદક પદાર્થ ઝડપાયો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GUJARAT SIR

રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા SIRની આખરી મતદાર યાદી આજે જાહેર કરવામાં આવી છે જેમાં કુલ ચાર કરોડ 40 લાખ 30 હજાર 725 મતદાર નોંધાયા છે. મુખ્ય ચૂંટણી અધિકારી હારીત શુક્લાએ જણાવ્યું, મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ થયા પહેલા રાજ્યમાં કુલ 5 કરોડ 8 લાખ 43 હજાર 436 મતદાર નોંધાયેલા હતા. મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધદ્ધ થયાં બાદ કુલ મતદારોની સંખ્યા 4 કરોડ 34 લાખ 70 હજાર 109 થઈ હતી. આમ, 5 લાખ 60 હજાર મતદારોનો વધારો નોંધાયો છે. સાંભળીએ એક અહેવાલ..

(VOICECAST – MAYUR SOLANKI)

*SIRની કામગીરીમાં 34 જિલ્લા ચૂંટણી અધિકારી, 182 મતદાર નોંધણી અધિકારી, 855 સહાયક મતદાર નોંધણી અધિકારી અને 50,963 BLOની સક્રિય સહભાગિતા રહી. જેમાં અવસાન પામેલા, કાયમી ધોરણે સ્થળાંતર કરેલા તથા બે જગ્યાએ મતદાર તરીકે નોધાયેલા મતદારોને ઓળખવામાં આવ્યાં. આ કવાયત બાદ આજે આખરી મતદાર યાદી તમામ મતદાન કેન્દ્રો સહિત દરેક નિર્ધારીત સ્થળોએ પ્રસિદ્ધ કરવામાં આવી. દરેક જિલ્લામાં આ યાદીની બે નકલો તમામ માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને સુપ્રત કરવામાં આવી છે. તા.1-1-2026ના રોજ 18 વર્ષ પૂર્ણ કરનાર નાગરિકો આગામી સમયમાં પણ ફોર્મ નં.6 ભરીને તેઓનું નામ ભવિષ્યમાં પ્રસિદ્ધ થનારી મતદાર યાદીમાં દાખલ કરાવી શકે છે. આખરી મતદાર યાદીમાં કોઇ પણ પ્રકારનો વાંધો રજૂ કરવા માટે ફોર્મ નં.7 ભરીને અરજી કરી શકાશે.*

*મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ*

----------

## AMIT SHAH- MANTHAN

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય સંમેલન "મંથન" યોજાયું. જેમાં રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન, શ્રી શાહે બે લાખ નવા બહુહેતુક PAC સ્થાપવાની પ્રગતિ અને વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના હેઠળ વધુ સારા અનાજ સંગ્રહ માટે આધુનિક વખારના દેશવ્યાપી વિસ્તરણની સમીક્ષા કરી. ચર્ચાઓ PACS ના કોમ્પ્યુટરાઇઝેશનની સાથે નિકાસ અને બીજ માટે નવી રચાયેલી રાષ્ટ્રીય સંસ્થાઓમાં રાજ્યોને એકીકૃત કરવા પર પણ વિચાર વિમર્શ કરાયો. આ સંમેલનમાં સહકારી બેંકોના ડિજિટાઇઝેશન, રાજ્ય સહકારી કાયદાઓમાં કાનૂની સુધારા અને અમૂલ અને NDDB સાથે મળીને ડેરી માળખાના વિસ્તરણ પર પણ ચર્ચા કરાઇ.

અગાઉ શ્રી શાહે વર્ચ્યુઅલી રાજ્યના 258 કરોડ રૂપિયાની પાંચ સહકારી પરિયોજનાનું ઉદ્ઘાટન કર્યું અને સાવરકુંડલા અને પાટણ APMC ખાતે 7 કરોડ રૂપિયાથી વધુના મોટા વખાર સહિત બે પરિયોજનાનું ખાતમુહૂર્ત કર્યું.

----------

## AMIT SHAH AHM-GNR

રાજ્યના એક દિવસના પ્રવાસે આવેલા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે  સવારે  અમદાવાદ સોલા સિવિલ ખાતે ‘મોબાઇલ બ્લડ કલેક્શન વાન’ અને ‘નિયોનેટલ વેન્ટિલેટર’નું લોકાર્પણ કર્યું. સાંસદ નિધિની ગ્રાન્ટમાંથી અર્પણ કરાયેલી અત્યાધુનિક વાન અંતરિયાળ વિસ્તારોમાં રક્તદાન માટે આશીર્વાદરૂપ બનશે.

શ્રી શાહે સાંજે ગાંધીનગરમાં સેક્ટર-21 ખાતે મહારાષ્ટ્ર સમાજ દ્વારા નિર્મિત છત્રપતિ શિવાજી મહારાજની અશ્વરૂઢ પ્રતિમાનું પણ અનાવરણ કર્યું.

----------

## VIDHANSABHA  KARYAVAHI

ગુજરાત વિધાનસભામાં આજે ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) ખરડો સર્વાનુમતે પસાર થયો છે. શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું, અગાઉ 10 કે તેથી વધુ કામદારોને બદલે હવે 20 કે તેથી વધુ કામદાર ધરાવતી, દુકાનો અને સંસ્થાઓને આ ખરડો લાગુ પડશે. તેમણે ઉમેર્યું, શ્રમયોગીઓ, વેપારીઓ, માલિકો તથા નાગરિકો એમ તમામ માટે આ સુધારા ખરડો આશીર્વાદરૂપ બનશે. આ ખરડા અંતર્ગત દૈનિક કામના કલાકોની મર્યાદા 9 થી વધારીને 10 કલાક કરાઈ છે. જ્યારે ઓવરટાઇમ કામ કરવાની

મહત્તમ મર્યાદા ત્રણ મહિનામાં કુલ 125 કલાકથી વધારીને 144 કલાક કરવામાં આવી.

આ ઉપરાંત સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન ગુજરાત સુધારા ખરડો પણ આજે ગૃહમાં પસાર થયો. મહેસુલ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ આ ખરડો ગૃહમાં રજૂ કર્યો. જે પસાર થતા કલમ 75માં સુધારો થયો છે તે અનુસાર બોજામાંથી મુક્ત જમીન નિહીત કરી નિકાલ કરી શકાશે. જોકે વિરોધ પક્ષે આ ખરડાને સમર્થન આપ્યું નહતું.

----------

## VIDHANSABHA QUESTIONNAIRE

બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર- લક્ષ્મીપુરા રોડ પર 1200 થી વધુ  મીટરની લંબાઈ ધરાવતો રેલવે ઓવરબ્રિજ તૈયાર થવાથી અંદાજે એક લાખ 41 હજારથી વધુ નાગરિકોને ફાયદો થશે. આજે વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુતર આપતાં માર્ગ અને મકાન વિભાગ વતી મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે,પાલનપુરમાં આધુનિક રેલવે ઓવર બ્રિજ માટે 46 કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. દરમિયાન એક પ્રશ્નના જવાબમાં શ્રી પટેલે કહ્યું,  સુરત અને તાપી જિલ્લાના 10 ગામોને જોડતા 8 કિમીના મુખ્ય માર્ગને 9 કરોડના ખર્ચે પહોળો કરવાથી 33 હજારથી વધુ નાગરિકોને લાભ મળ્યો છે.

ગૃહમાં પાણી પુરવઠા યોજનાની કામગીરી અંગે પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલે કહ્યું, રાજકોટ અને જસદણ તાલુકાના કુલ 115 ગામના ત્રણ લાખ 48 હજાર 842 નાગરિકોને આઅ યોજનાનો અપાઈ રહ્યો છે.

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## MORBI – PRE BUDGET REACTION

ગુજરાત વિધાનસભામાં આવતીકાલે રાજ્યનું વર્ષ 2026-27 નું અંદાજપત્ર રજૂ થવા જઇ રહ્યું છે. ત્યારે રાજ્યના ખેડૂતો, યુવાનો અને વેપારીઓ આ અંદાજપત્રને લઈને કેટલીક અપેક્ષાઓ સેવી રહ્યા છે. મોરબીના ચાર્ટર્ડ અકાઉંટેંટ પ્રતિક રાજદેવે કેટલાક કરોમાં તેમજ લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગોને રાહત મળવી જોઇએ, તેવી અપેક્ષા વ્યક્ત કરી....

(BYTE – PRATIK RAJDEV, CA, MORBI)

----------

# BHARAT VISTAR

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે આજે રાજસ્થાનના જયપુરથી દેશભરના ખેડૂતો માટે એક નવા ડિજિટલ સહયોગી કાર્યક્રમ "ભારત વિસ્તાર"નો પ્રારંભ કરાવ્યો. તેમણે કહ્યું કે આ પહેલનો હેતુ ખેડૂતોને સ્માર્ટ, સશક્ત અને માહિતગાર બનાવવાનો છે.

શ્રી ચૌહાણે કહ્યું કે યોજનાઓ અને નવી ટેકનોલોજી વિશે માહિતીનો અભાવ ઘણીવાર ખેડૂતોને નુકસાન પહોંચાડે છે. ત્યારે હવે, એક જ મંચ દ્વારા, ખેડૂતો પાક આધારિત વૈજ્ઞાનિક સલાહ, બજાર ભાવ, હવામાનની જાણકારી અને અન્ય મુખ્ય માહિતી મેળવી શકે છે. તેમણે કહ્યું કે આ બધી માહિતી ખેડૂતોને તેમના મોબાઇલ ફોન પર એક જ કોલ દ્વારા ઉપલબ્ધ થશે.

----------

# PORBANDAR CHEMICAL

પોરબંદરના દરિયાકાંઠેથી 203 કિલોગ્રામ શંકાસ્પદ કેમિકલ પકડાયું છે. ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી- ATS અને તટ રક્ષકની સંયુક્ત કાર્યવાહીમાં પોરબંદરથી 140 નોટિકલ માઈલ દૂર શંકાસ્પદ હોડીમાંથી બે શખ્સની પણ ધરપકડ કરવામાં આવી છે. પકડાયેલા શંકાસ્પદ કેમિકલ જથ્થાનું ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળા દ્વારા પૃથક્કરણ કરવામાં આવી રહ્યું છે. આ અંગે ATSના DIG સુનિલ જોશીએ વધુ માહિતી આપી.

(BYTE- SUNIL JOSHI, DIG, ATS)

----------

## PAAK VYVASTHAPAN MARGDARSHIKA

ખેડૂતોને શેરડીના પાકમાં સંકલિત રોગ વ્યવસ્થાપન અંગે ખેતી નિયામકની કચેરી દ્વારા માર્ગદર્શિકા જાહેર કરાઇ છે.

જે અનુસાર ઉનાળામાં જમીનની ઊંડી ખેડ કરી જમીનમાં રહેલા રોગકારકોને સૂર્યપ્રકાશના તાપથી નષ્ટ કર્યા બાદ ત્રિસ્તરીય પદ્ધતિથી ગરમીની માવજત આપીને તૈયાર કરવામાં આવેલા બિયારણનો ઉપયોગ કરવો જોઈએ.

બે થી ત્રણ આંખવાળા ટુકડાને એમીસાનન ૨ ગ્રામ પ્રતિ લિટર અથવા કાર્બેન્ડીઝમ ૧ ગ્રામ પ્રતિ લિટરના દ્રાવણમાં ૫ થી ૧૦ મિનિટ સુધી બોળી પછી વાવેતર કરવું જોઈએ.

----------

# VALSAD BOMB THREAT

વલસાડ જિલ્લાની સેશન્સ અદાલતને આજે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી અંગે પોલીસે સ્પષ્ટતા કરતાં જણાવ્યું, તપાસ દરમિયાન કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી. આ અંગે નાયબ પોલીસ અધિક્ષક એ. કે. વર્માએ વધુ માહિતી આપી.

(BYTE- A.K. VARMA, DySP)

----------

# BHAVNAGAR KHEL MAHAKUMBH

ખેલ મહાકુંભ 2025 અંતર્ગત રાજ્ય કક્ષાની સેપક ટકરાવ સ્પર્ધામાં ભાવનગર શાળાની બહેનોનું ઉત્કૃષ્ટ પ્રદર્શન રહ્યું. મહેસાણા ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં કુલ 18 ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ભાવનગરની શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક શાળા, સરદારનગરની બહેનોએ સેમી ફાઇનલ સુધી સ્થાન મેળવ્યું હતું. આ સિદ્ધિ બદલ શાળાના સંચાલક તથા આચાર્ય અને ગુરુકુલ પરિવાર તરફથી બહેનોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

----------